## મહામારીનું મહાસંકટ

# રાજ્યમાં ૨૫૬ નવા કેસ : કુલ ૩૦૭૧ કેસ
# અમદાવાદમાં નવા ૧૮૨ કેસ : કુલ ૨૦૦૩

**રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ ૬ મૃત્યુ : કુલ મૃત્યુઆંક ૧૩૩ : અમદાવાદમાં ૩ વધુ મૃત્યુ થતાં કુલ મૃત્યુઆંક ૮૬**

**અવળનું સવળ કરો સુંદર-વર, જ્યારે જન જાય હારી, અયોગ્ય યોગ્ય, પતિત કરો પાવન, પ્રભુ દુ:ખ-દુષ્કૃત્યહારી**


ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૪૬ | ૨૬ એપ્રિલ, ૨૦૨૦, રવિવાર; વૈશાખ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# લોકડાઉન વચ્ચે મર્યાદિત બજારો ખુલશે

**સલુન, પાર્લર અને શરાબની દુકાનો બંધ રહેશે : હોટસ્પોટ વિસ્તારમાં શોપિંગ મોલ્સ-કોમ્પ્લેક્સ હાલમાં બંધ રહેશે : કોરોના લોકડાઉન વચ્ચે દુકાનોને ખોલવાને લઇને ઉભી થયેલી તમામ પ્રકારની દુવિધાઓનો ગૃહ મંત્રાલય દ્વારા અંત લવાયો : જરૂરી ચીજો વેચનારને મંજુરી**

નવી દિલ્હી, તા.૨૫

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસના કારણે દેશમાં હાલમાં લોકડાઉનની સ્થિતી રહેલી છે. આવી સ્થિતી વચ્ચે કેટલાક પ્રકારની દુકાનોને ખોલવાને લઈને ઉભી થયેલી દુવિધાને કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા આજે દુર કરવામાં આવી હતી. લોકડાઉનના ગાળામાં કઈ દુકાનો ખુલી રહેશે અને કઈ બંધ રહેશે નહીં તેને લઈને સ્પષ્ટતા કરવામાં આવી હતી. સલુન, પાર્લર અને શરાબની દુકાનો ખુલી જશે તેની રાહ જોઈ રહેલા લોકોને આખરે નિરાશા હાથ લાગી છે. સરકારે સાફ શબ્દોમાં કહ્યુ છે કે આ પ્રકારની દુકાનોને ખોલવાની મંજરી હાલમાં આપવામાં આવી નથી. જરૂરી ચીજવસ્તુઓનુ વેચાણ કરી રહેલી દુકાનોને મંજુરી આપવામાં આવી રહી છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે ગ્રામીણ વિસ્તારોમાં તો શોપિંગ મોલ સિવાય તમામ દુકાનો ખુલ્લી રાખવાની મંજુરી આપવામાં આવી છે. શહેરી વિસ્તારોમાં નિવાસી સંકુલમાં રહેલી દુકાનોને ખુલ્લી રાખવાની મંજુરી આપવામાં આવી છે. સરકાર દ્વારા સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે ઈ-કોમર્સ કંપનીઓ દ્વારા જીવનજરૂરી ચીજવસ્તુઓ માટે વેચાણની મંજુરી આપવામાં આવી રહી છે. શરાબ અને અન્ય પ્રકારની વસ્તુઓના વેચાણ પર પ્રતિબંધ રહેનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

### કોને મંજુરી અને કોને નહીં

- સલુન, પાર્લર અને શરાબની દુકાનો હાલમાં ખોલી શકાશે નહીં
- જરૂરી ચીજવસ્તુઓ વેચી રહેલી દુકાનો અને હોટસ્પોટથી બહાર રહેલી દુકાનોને મંજુરી અપાઈ છે
- હોટસ્પોટ વિસ્તારો, શોપિંગ મોલ્સ અને કોમ્પ્લેક્સને હાલમાં મંજુરી રહેશે નહીં
- ગ્રામીણ વિસ્તારોમાં તમામ દુકાનોને ખોલી દેવા માટેની મંજુરી આપી દેવામાં આવી
- શહેરી વિસ્તારોમાં તમામ સ્ટેન્ડઅલોન શોપ્સ, નિવાસી વિસ્તારોની નજીકની દુકાનોઅને નિવાસી સંકુલની અંદર રહેલી દુકાનોને ખોલવાની મંજુરી આપી દેવામાં આવી
- શોપિંગ માર્કેટ, કોમ્પ્લેક્સ અને શોપિગ મોલ હાલમાં બંધ રહેશે
- ઇ-કોમર્સ કંપનીઓને જરૂરી વસ્તુઓની ડિલિવરી કરવાની મંજુરી રહેશે
- હોટવિસ્તારમાં કઠોર નિયમો યથાવત રીતે જારી રહેનાર છે
- જુદા જુદા વિસ્તારોમાં માત્ર રજિસ્ટાર્ડ દુકાનોને જ ખોલવાની મંજુરી આપવામાં આવનાર છે

## ભારત હવે દ.કોરિયા પાસેથી ૯.૫ લાખ કોવિડ કિટ ખરીદશે

ન્યુ દિલ્હી,તા.૨૫

ચીન પાસેથી ખરાબ કોવિડ રેપિડ ટેસ્ટ કિટ મળ્યા બાદ ભારતે દક્ષિણ કોરિયા ૯.૫ લાખ કોવિડ કિટનો ઓર્ડર આપ્યો છે. આ કંપનીની એક સહાઅક કંપની માનેસરમાં કિટ બનાવવાની શરૂઆત કરશે. તમને જણાવી દઈએ કે ભારતે ચીન પાસેથી ૭ લાખ કોવિડ રેપિડ ટેસ્ટ કિટો મંગાવી હતી જેની ગુણવત્તા ખૂબ ખરાબ છે. તેને લઈને રાજ્યોમાંથી ફરિયાદ મળ્યા બાદ ભારત સરકારે કિટોને ચીનને પરત મોકલવાનો નિર્ણય લીધો છે. દક્ષિણ કોરિયાની ભારતીય દૂત શ્રીપ્રિયા રંગનાથે કહ્યું કે તેમનો ઉદ્દેશ્ય 'સૌથી વ્યાજબી કિંમત, સૌથી સારી ગુણવત્તા અને સૌથી ઓછા સમયમાં ડિલીવરી લેવાનો છે.' તેમણે કહ્યું કે ભારતી વિદેશ સચિવ, કોરિયાઈ ઉપ વિદેશ મંત્રી અને ઈંડો પૈસેફિક દેશોના બાકી સભ્યો દર અઠવાડિયે સંકટ સામે લડવા માટે ભરવામાં આવેલા પગલાં પર વાત કરે છે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિક્વર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૮૬૭૯૮૪ | ૨૦૦૪૩૦ | ૭૮૧૪૧૨ |
| ભારત | ૨૬૧૫૩ | ૮૨૩ | ૫૯૦૬ |
| ગુજરાત | ૩૦૭૧ | ૧૩૩ | ૨૮૨ |
| ગાંધીનગર | ૨૩ | ૦૨ | ૧૪ |

## દેશભરમાં રેપિડ ટેસ્ટ કિટથી ચકાસણી હાલ સ્થગિત

**હર્ષવર્ધનના નેતૃત્વમાં જીઓએમની બેઠક : કોરોના વાયરસને લઈને પરિસ્થિતિ કાબુમાં હોવાનો દાવો કરાયો : અનેક ભારતીય કંપનીઓ પણ ટેસ્ટ કિટ બનાવશે**

નવી દિલ્હી, તા.૨૫

કોરોના વાયરસનો આતંક દેશમાં સતત વધી રહ્યો છે. આવી સ્થિતિમાં કેસોના ફેલાવાને રોકવા માટે તંત્ર દ્વારા વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. કેન્દ્રિય મંત્રીયોના ગ્રુપની આજે બેઠક યોજાઈ હતી. આ બેઠક બાદ જણાવવામાં આવ્યું હતું કે આજની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે હાલમાં દેશમાં કોરોનાની સ્થિતિ કાબુમાં છે. સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલાંઓની અસર દેખાઈ રહી છે. આજ કારણસર રેપિડ ટેસ્ટ કિટથી હાલમાં ચકાસણીની પ્રક્રિયાને રોકી દેવામાં આવી છે. સરકારનું કહેવું છે કે

● અનુસંધાન પાન-૭ પર



### છેલ્લે... છેલ્લે...

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૬મીએ ૧૧ કલાકે મનકી બાત કરશે.
- ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આગામી ૩૦મી જુન સુધી સામુહિક કાર્યક્રમો પર પ્રતિબંધ મુક્યો.
- મહારાષ્ટ્ર સરકારે ૩જી મે સુધી લોકડાઉનની ગાઈડ લાઈનમાં કોઈ ફેરફાર નહિ કરવાની જાહેરાત કરી.
- મુંબઈમાં ૨ આઈપીએસ યુવાન અધિકારીઓ કોરોના પોઝિટિવ થયા છે. જ્યારે ૫૭ વર્ષના પોલીસ કોન્સ્ટેબલનું કોરોનાથી મૃત્યુ થયું.
- અમદાવાદના ખાડીયા, જમાલપુર, શાહપુર, દરિયાપુર, દાણીલીમડા અને બહેરામપુરામાં કોઈ દુકાનો ખોલવા દેવામાં આવશે નહિ.
- દેશના સૌથી કોરોના સંક્રમિત રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૭૬૨૮ |
| ગુજરાત | ૩૦૭૧ |
| દિલ્હી | ૨૫૧૪ |
| રાજસ્થાન | ૨૦૮૩ |
| મધ્યપ્રદેશ | ૧૯૪૫ |
| તામીલનાડુ | ૧૮૨૧ |
| ઉત્તરપ્રદેશ | ૧૭૯૩ |
| આંધ્રપદેશ | ૧૦૧૬ |

## પાંચ શહેર માટે સ્પેશિયલ પ્લાન ઘડાશે

**અમદાવાદ, સુરત, હૈદરાબાદ, ચેન્નાઇ અને થાણે પહોંચેલી ટીમ વિસ્તૃત હેવાલ સુપ્રત કરશે : સ્પેશિયલ પ્લાન તૈયાર કરાશે : દેશમાં કેસોની સંખ્યામાં વધારો : કોરોના કેસોની સંખ્યા ૨૫ હજારથી ઉપર, મહારાષ્ટ્રમાં ૬૮૧૭**




નવી દિલ્હી, તા.૨૫

જીવલેણ અને ખતરનાક બનેલા કોરોના વાયરસના કેસોમાં ચિંતાજનક અને ઝડપી વધારો જારી રહ્યો છે. લોકડાઉનની સ્થિતીમાં દેશના તમામ રાજ્યોમાં વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં સ્થિતી બેકાબુ બનેલી છે.બીજી બાજુ કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા જ્યાં કોરોનાના કેસોની સંખ્યા ચિંતાજનકરીતે વધી રહી છે તે અમદાવાદ, સુરત, હૈદરાબાદ, ઠાણે અને ચેન્નાઈ માટે ખાસ પ્લાન તૌયાર કરવાની હિલચાલ ચાલી રહી છે. આ તમામ પાંચેય શહેરમાં લોકડાઉન અને અન્ય કેન્દ્રિય આદેશોને યોગ્ય રીતે પાળવામાં આવી રહ્યા નથી. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યુ છે કે આ શહેરોમાં સ્થિતી વધારે વણસી શકે છે. આ તમામ હોટસ્પોટને લઈને કેન્દ્ર સરકાર ગંભીર દેખાઈ રહી છે. આ શહેરોમાં પોલીસ ટીમ પર હુમલા, આરોગ્ય ટીમ પર હુમલાના બનાવો સપાટી પર આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## સૌપ્રથમ બ્રિટનમા માનવ પર થયુ કોરોનાની રસીનું ટેસ્ટિંગ

લંડન,તા.૨૫

કોરોના વાઈરસની વધી રહેલી મહામારીને રોકવા માટે આજે સમગ્ર દુનિયાના સંશોધકો તેની દવા શોધવા માટે મથી રહ્યા છે. કોરોના વાઈરસની રસી માટે રેમડેસિવયરના પ્રયોગો નિષ્ફળ ગયા બાદ બ્રિટનના વૈજ્ઞાનિકો એક નવી ટેકનિક દ્વારા માણસ પર પ્રયોગો શરૂ કર્યો છે.

બ્રિટનની ઓક્સફર્ડ યુનિવર્સિટીએ લોકો પર નવી રસીનુ ટેસ્ટિંગ શરૂ કરી દીધુ છે. એક માઈક્રો બાયોલોજિસ્ટને કોવિડ-૧૯ની રસી આપવામા આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## દુનિયામાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૮ લાખને પાર

**યુદ્ધના ધોરણે તમામ દેશો દ્વારા કોરોનાને અટકાવવા માટે પ્રયાસો : અમેરિકા સહિતના વિશ્વભરના દેશમાં હાહાકાર : મોતનો આંકડો ૧૯૭૩૦૬ સુધી પહોંચ્યો**

નવી દિલ્હી,તા. ૨૫

કોરોનાના પ્રકોપ વચ્ચે દુનિયાના દેશોમાં હાહાકાર જારી છે. કોરોના વાયરસને ખતમ કરવા માટે દુનિયાના દેશો એક સાથે લાગેલા છે પરંતુ હજુ સુધી કોઈ આશાનુ કિરણ દેખાઈ રહ્યુ નથી. વિશ્વના દેશોમાં કોરોનાના કારણે કેસોની સંખ્યા વધીને હવે ૨૮ લાખ કરતા વધારે થઈ ગઈ છે. આવી જ રીતે મોતનો આંકડો પણ વધીને બે લાખની નજીક પહોંચી ગયો છે. હાલત ખરાબ થયેલી છે. વિશ્વના દેશોમાં કુલ રિક્વર થયેલા લોકોની સંખ્યા વધીને ૮૦૬૯૫૩ સુધી પહોંચી ગઈ છે. જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા ૧૮૨૭૫૨૬ સુધી પહોંચી ગઈ છે. અમેરિકા અને સ્પેન સહિતના દેશોમાં કેસોની સંખ્યા સૌથી વધારે છે. ચીનમાં પણ કેટલાક નવા કેસો સપાટી પર આવ્યા છે. ભારતમાં પણ કેસોની સંખ્યામાં હવે ઝડપથી વધારો થઈ રહ્યો છે. સાથે સાથે ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૫૮૫૨૪ રહેલી છે. જે ગંભીર સ્થિતીનો સંકેત આપે છે.કોરોના કહેર હજુ જારી રહી શકે છે. વિશ્વમાં કોરોનાની સ્થિતી કેટલી ખતરનાક છે તેનો અંદાજ આના પરથી જ લગાવી શકાય છે કે મોતના આંકડાના મામલામાં અમેરિકા, સ્પેન, ઈટાલી, ફ્રાંસ, બ્રિટન, બેલ્જિયમ સૌથી આગળ રહ્યા છે. આ તમામ દેશોમાં મોટી સંખ્યામાં લોકોએ કોરોના વાયરસના કારણે દમ તોડી દીધા છે. હાલમાં વિશ્વમાં આશરે ત્રણ અબજ લોકો લોકડાઉનમાં જીવન ગાળી રહ્યા છે. દુનિયાના દેશો માની રહ્યા છે કે હજુ એપ્રિલના મહિના સુધી તેનો આતંક યથાવત રીતે જારી રહી શકે છે. કારણ કે કેસોની સંખ્યા વધી છે. હજુ ગંભીર રીતે અસરગ્રસ્ત રહેલા દર્દીઓની સંખ્યા હજારોમાં રહેલી છે. આવી સ્થિતીમાં દુનિયાના દેશમાં રિક્વરીમાં સમય લાગી શકે છે. અમેરિકા, ઈટાલી, સ્પેન સહિતના દેશોમાં સ્થિતી વણસી ગઈ છે. હવે સૌથી અસરગ્રસ્ત દેશોમાં ભારત

● અનુસંધાન પાન-૭ પર


૩૧ વર્ષનો અતુટ વિશ્વાસ... વિશ્વાસપાત્ર સ્થળ.. એટલે...

**રવિ એન્ટરપ્રાઈઝ**

કાલુપુર માર્કેટના હોલસેલ ભાવે

**નવા ઘઉં**

● ભાલીયા ઘઉં (બીનપિયત) ● એમ.પી. શરબતી ટુકડી ● દેશી ટુકડી ● ૪૯૬ ટુકડી ● ઓર્ગેનિક ઘઉં ● રજવાડી ઘઉં.

ઉચ્ચ ગુણવત્તાવાળા દિવેલથી મોચેલા ઘઉં મળશે.

અમારી બીજી કોઈ શાખા નથી

● ફ્રી અર્જન્ટ હોમ ડીલીવરી

દુકાન નં. ૨૦/૨૧, બેન્ક ઓફ ઈન્ડિયાના ખાચામાં,
ભારત હેન્ડલુમની લાઈનમાં, પાટનગર યોજના ભવન, સે.૧૬, ગાંધીનગર

રણછોડભાઈ ઠક્કર : મો. 94267 00869

અહીં સોશ્યલ ડીસ્ટન્સીંગની સાથે સરકારના નિયમોનું પાલન થાય છે.